# હું ખુલ્લો છું કે બંધિયાર?

કેટલો સરસ પ્રશ્ન છે આ! મારી જાતને ઓળખવા ને સમજવા માટે કામમાં આવે એવી વાત છે આ.

સમજવું હોય તો!

એક જીવંત અસ્તિત્વ તરીકે હું અનેક બાબતોનો સરવાળો છું. શરૂઆત થાય મારા નામથી. મારું નામ મને બીજાં જીવંત અસ્તિત્વથી અલગ કરે છે. મારા નામ પછી આવે મારા પિતાશ્રીનું નામ અને પછી અટક. ત્યાર બાદ ગામ, જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, શિક્ષણ, આવડત, સમૃદ્ધિ, સંબંધો એ બધું ઉમેરાય. મારાં રસ, રુચિ, વલણ અને માન્યતાઓ પણ મારી ઓળખાણમાં ને મારા જીવવામાં અગત્યનો ભાગ ભજવે. હું આ બધું સતત મારા ખભે ઊંચકીને ચાલું છું. મારા રસ્તા કે મારી કેડીઓ બધું મારા આ ભારથી જ નક્કી થાય છે.

ક્યારેક પૂછું મારી જાતને કે ‘હું ખુલ્લો છું કે બંધિયાર?’ ખુલ્લા હોવું એટલે કે કોઈ ટીકા કે ટિપ્પણીના ઇરાદા સિવાય, કશું પણ ઠોકી બેસાડવાની દાનત સિવાય, જીભાજોડી કર્યા સિવાય, પૂર્વગ્રહ કે હઠાગ્રહ સિવાય મારાથી અજાણ, અજ્ઞાત, અલગ એવા અભિપ્રાય, વસ્તુ, વિચાર કે વ્યક્તિનો કોઈ પણ શરત વિના સ્વીકાર. મારાથી જુદા છે એ સૌ પ્રત્યે સરળ, પ્રામાણિક, ઉદાર, નિષ્કપટ, સહિષ્ણુ અને તટસ્થ દૃષ્ટિ, એ સૌનો સહર્ષ સ્વીકાર. તમારા સમગ્ર અસ્તિત્વની સ્વતંત્રતાનો સ્વીકાર. ઉદારતા, સહિષ્ણુતા, તટસ્થતા, વિશાળતા એ બધાનો મારા દરેક વ્યવહારમાં છૂટથી ઉપયોગ.

ક્યાંય ભાર નહીં, ક્યાંય દબાવ નહીં. ક્યાંય આક્રમણ નહીં... માત્ર અને માત્ર સરળતા, હળવાશ અને મોકળાશ. હાશ અને નિરાંત.

કેટલું અઘરું છે ખુલ્લા હોવું તે? શું મારાથી આવું થઈ શકે? શું બની શકાય એવું મારાથી? શું જીવી શકાય મારાથી એ પ્રમાણે? બંધિયાર હોવું એટલે સ્થિર, સ્થગિત કે ગોંધાયેલું.

વિશાળતા હોવા અંગે જ અજ્ઞાનતા પ્રવર્તે છે. મારા સિવાયનું પણ હોઈ શકે એ બાબત કલ્પનાની બહાર છે. મારું જ સારું ને મારું જ સાચું. ચર્ચાને અવકાશ જ નહીં, તમે આવા ને તમે તેવા, આપડાવારા જ સારા. કપટી,

અસ્પષ્ટ, ગૂંચવાયેલું, ભ્રમિત ને ભ્રામક - મારી માહિતીનો એકતરફી ને મર્યાદિત આધાર. કેટલું સહેલું છે બંધિયાર બની રહેવાનું! ખરું ને?

આપણી માન્યતાઓ છે, ટેવ પ્રમાણે થતા ચોક્કસ વ્યવહારો છે, એક દિનચર્યા છે, એક ઘરેડ છે. મગજ એક ચોક્કસ અને નક્કી થયેલી ઘરેડ પ્રમાણે વિચારે છે અને શરીરનાં બાકીનાં અંગો એને અનુસરે છે. આ 'અનુસરવું' એ પણ એક અદ્ભુત પ્રક્રિયા છે.

મારે એક સમયપત્રક છે. એક પછી એક ક્રિયા-પ્રક્રિયા છે. એનો ચુસ્તપણે અમલ થવો જ જોઈએ. એમાં જરાય છૂટછાટ ના જ ચાલે.

સવારના સ્નાન પછી જ ચા પિવાય.
સેવા-પૂજા કર્યા વગર ઘરની બહાર ન જ નીકળાય.
હાથપગ ધોયા પછી જ (કે પછી અબોટિયું પહેરીને જ) જમવા બેસાય.
જમવામાં થોડોક ભાત જોઈએ જ.
અમારે ત્યાં દરરોજ ત્રણ વાગ્યે ચા બને જ.

હું તો ચુસ્તપણે આ રીતે જ જીવું છું, પરંતુ મારાં સંતાનો પણ એ જ પ્રમાણે જીવે એવા મારા આગ્રહો છે. જો ક્યાંય, ક્યારેય મારાથી આમાં છૂટ લેવાઈ જાય તો... 'ઘોર પાપ થઈ ગયું' એમ લાગે. પશ્ચાત્તાપ કે પ્રાયશ્ચિત્ત માટે એવી જ નક્કી કરેલી થોડી વધારાની વિધિઓ કરી લઉં તો પછી રાહત ને નિરાંત અનુભવાય.

હોવી જોઈએ, એક શિસ્ત કે એક વ્યવસ્થા રોજબરોજના જીવનમાં જરૂરી છે, પરંતુ આગ્રહ, દુરાગ્રહ અને હઠાગ્રહમાં કોઈ તફાવત ખરો કે નહીં? અને માનો કે મારાથી કોઈ કારણસર ચા પીતાં પહેલાં શરીરશુદ્ધિ ન થઈ તો મારે એ ઘોર પાપ માટે પ્રાયશ્ચિત્ત કરવું જ પડે, નહીં તો જીવતાં નરકનો અનુભવ થાય, એવું? કયું લૉજિક છે આની પાછળ? સૉરી, અહીં કોઈ લૉજિક ન હોઈ શકે; કારણ કે આવી બાબતોમાં ચર્ચાને, ખુલ્લી ચર્ચાને, તાર્કિક કે વૈજ્ઞાનિક ચર્ચાને અવકાશ જ ન હોય ને? 'સીતાએ લક્ષ્મણરેખા ઓળંગી તો શું થયું?' એ મારી દલીલ છે.

હું દલીલો પણ મારી એ માન્યતાઓ સાથે, મારા એ ક્રિયાકાંડ સાથે મેળ ધરાવતી હોય એવી જ કરવાનો; કારણ કે હું એમ કરવા જ ટેવાયેલો છું. અમારા આ આધારો પણ એવા જ છે અને એ આધારો અમને, અમારી એ માન્યતાઓ અને અમારી ઘરેડ કડકપણે ચાલુ રહે એવા સતત પ્રચાર કરે

છે. એમ ન થાય તો વ્યવસ્થિત રીતે ઇરાદાપૂર્વક, ચોક્કસ હેતુસર અમારામાં અપરાધ (ગિલ્ટ)ની ભાવના કે ગ્રંથિ ઊભી કરે છે.

અમે આધારિત બની રહીએ છીએ.
અમે મર્યાદિત બની રહીએ છીએ.
અમે બંધિયાર બની રહીએ છીએ.

અમને અમારું આ જ જીવન-કલ્યાણ લાગે છે. 'અમે બંધિયાર છીએ' એવું લાગવા માટે અમને 'બંધિયારપણું' શું છે એની અમને ખબર તો હોવી જોઈએ ને! અને બીજું એ કે મને ખુલ્લાપણું હોવા અંગેની શક્યતાની પણ ખબર હોવી જોઈએ ને! કારણ કે અમે બધા અનુસરિયાઓ ભેગા થઈને, અમારા એ પૂજ્ય નેતાઓના કહેવા પ્રમાણે 'આ જ સાચું, અમારું જ સારું' એમ માનીને કડકપણે એનો અમલ કરીએ છીએ.

અમારાથી અલગ હોય એવું કશું અમને મંજૂર જ નથી.

અને જો તમે અમારા પર એવું કંઈ થોપવાનો પ્રયત્ન કરશો કે પછી અમારા એ ઉત્તમની ટીકા કરવાનો કે એને નીચા દેખાડવાનો પ્રયત્ન કરશો તો અમે તમારી સામે 'બળવો' કરીશું!

આમ જ ચાલી રહ્યું છે ને ચારેય બાજુ!

અત્યંત વિકસિત, સમૃદ્ધ અને વૈજ્ઞાનિક જગતમાં આપણે બધા આ બળવો કરવાની જ્વલંત ઇચ્છા દબાવીને બેઠા છીએ. ક્યારેક એકાદ છમકલું થઈ જાય એની બીક અને ચિંતા સાથે ધૂંધવાટમાં જીવી રહ્યા છીએ?

તફાવતો પ્રત્યે અસંવેદનશીલતા આ સદીનો એક મોટો પ્રશ્ન છે.

'મારું તમે સ્વીકારો. મને તમારું મંજૂર નથી' એ સિદ્ધાંતે હુંસાતુંશી ચાલી રહી છે. સતત ધમકીઓ અને ક્યારેક હુમલા પણ દૈનિક જીવનનો અવિભાજ્ય હિસ્સો બની ગયાં છે. આપણે સમૃદ્ધ થયા, આપણે ખુલ્લા નથી થઈ શક્યા! આપણે અહિંસક નથી રહી શક્યા!

મારે, તમારે, આપણને સુરક્ષિતતા અને સલામતી જોઈએ છે. આપણાથી અલગ હોય તે બધા માટે શંકા, ભય, બીક, અસ્વીકાર અને અમારાથી ઊણા અને ઊતરતાનો ભાવ હશે ત્યાં સુધી એકતા અને આત્મીયતા શક્ય નથી. અસલામતીની ભાવના મને 'આપડાવારા' જોડે જોડવા ને એમની નજીક જવા મજબૂર કરે છે.

સમાજો વચ્ચે, ધર્મો વચ્ચે, દેશો અને સંસ્કૃતિ વચ્ચે આમ જ ઘૃણા અને તિરસ્કાર વધતાં જાય છે. 'ટકવું હોય તો આપણા સાથે એકતા સાધો' આ સૂત્ર બન્યું છે. આ એક મોટા ગજાનું બંધિયારપણું છે.

શરતોને આધીન જીવવું એટલે ખૂનખાર પ્રાણીને તાળું મારેલા બંધ પાંજરામાં પૂરી દેવું. હું મારી એ નક્કી કરેલી સરહદ ઓળંગતો નથી. હું મારા કૂંડાળાની બહાર પગ મૂકતો નથી અને વાત કરું છું ચંદ્ર પર પગ માંડવાની. આ ધરતી પર માનવ-અસ્તિત્વને ટકાવવું હશે તો ભાઈચારો કેળવ્યા સિવાય છૂટકો નથી. સંપ અને સહકાર સિવાય સામૂહિક વિનાશ સ્વાભાવિક બને એવી શક્યતાઓ દરરોજ ઊભી થાય છે.

બંધ પાંજરામાં એ પ્રાણીની બધી સગવડો તો સચવાય છે, પરંતુ એ પ્રાણી પાંજરા માટે સર્જાયું નથી. એ પાંજરામાં એ પાંગળું બનીને જીવે છે. મારી દશા એ પ્રાણી જેવી છે.

કૂવામાં રહીને હું મારી જાતને મહાસાગરનો મરજીવો સમજું છું. એક જ ઘરેડ કે જે સદીઓ પહેલાં એ જમાનાને અનુકૂળ બની હતી, એ જ ઘરેડમાં સતત ચાલુ છું. એક ઊંડો ચીલો પાડ્યો. હવે એ ચીલામાંથી મારા જીવન-પૈડાને બહાર કાઢવાનું ઉચિત લાગતું નથી. મારા જેવા બીજા અનેકાનેક મારી સાથે એ જ પગદંડીઓ પર ચાલે છે, ચાલી રહ્યા છે. મને એમ ખાતરી થાય છે કે આ જ સાચો રસ્તો છે.

દરેક સમાજ, સંસ્કૃતિ, ધર્મ અને દેશ આમ જ એમની આગવી કેડીઓ જમાવીને બેઠાં છે. 'મારું જ સાચું, મારું જ સારું' એમ માનીને બેઠાં છે. આતંકવાદનો જન્મ આમાંથી જ થાય છે. અસહિષ્ણુતા, અસહકાર, અસ્વીકાર, સત્તાની સાઠમારી જેવી બાબતો માણસને સામાજિકને બદલે 'અસભ્ય પ્રાણી' બનાવી રહી છે.

બંધિયારપણું એટલે મારું જ સાચું અને એ બાબતે કોઈ બાંધછોડ નહીં, કોઈ દલીલ નહીં, કોઈ ડહાપણ નહીં. એક વાર આ સર્વોપરિતાનું ભૂત વળગે પછી ખલાસ! તમે ગમે તેટલી વૈજ્ઞાનિક દલીલ કરો, મને એ જરાય મંજૂર નથી.

ચોક્કસ માન્યતાઓની સર્વોપરિતાને વરેલી અને વળગેલી એ વ્યક્તિ આંખે ડાબલાં પહેરી, ઘાણીએ ગોળગોળ ફરતા એ પ્રાણી જેવી છે. એના એ મર્યાદિત જગતને એ સંપૂર્ણ માને છે.

બંધિયારપણું એટલી હદ સુધી કે અમારી સંપૂર્ણ જીવનશૈલી એક સામાન્ય, સર્વસ્વીકૃત નિયમાવલિ પ્રમાણે જ ચાલે. મારું સઘળું અમારી માન્યતા એ સેન્ટ્રલ કમાન્ડ દ્વારા નક્કી થાય અને શબ્દશઃ એનું પાલન કરીએ, કારણ કે અમારું જોડાણ, સંધાણ, આત્મીયતા ને ફના થવાની ભાવના એ બધું એ સમાજ સાથે છે. 'વસુધૈવ કુટુમ્બકમ્'નું પાલન પણ એ 'આપડાવારા' જોડે જ!

હું સદૈવ એમ માનું છું કે મારાં સંતાનો પણ અમારી એ માન્યતાને સંપૂર્ણપણે અનુસરે. અમારો ખોરાક, અમારો પોશાક, અમારી ભાષા, અમારા રીતરિવાજ, અમારા ઉત્સવો અને તહેવારો એ બધું અમારી માન્યતા પ્રમાણે, અમારા એ નેતાઓના આદેશ પ્રમાણે જ કરે. એટલી હદ સુધી કે અમારાં સંતાનો 'આપડાવારા' સિવાયના લોકો સાથે ભળે પણ નહીં! અમારા બાપ-દાદાના, પેઢી દર પેઢી ચાલતા એ ઉત્તમ સંસ્કારોને સાચવી રાખે.

મને એનો બિલકુલ આનંદ નથી કે મારાં સંતાનો મારા જેવા બંધિયાર નથી. એમને તો અંતરિક્ષમાં ઊડવું છે. એમને સાર્વભૌમ સંસ્કૃતિઓનો અનુભવ કરવો છે. તેઓ ખુલ્લાં છે, સહિષ્ણુ છે, સંવેદનશીલ છે. કૂંડાળાની બહાર જઈને લગ્ન જેવા અંગત સંબંધો પણ વિકસાવે છે. હું, અમારાવાળા અને અમારું સેન્ટ્રલ કમાન્ડ આ પરિવર્તનથી ચિંતિત છે. અમારે તો અમારી ઉત્તમતાને આગળ વધારવી છે, ભ્રષ્ટ કર્યા સિવાય!

વિરોધાભાસ તો જુઓ! એક બિહારીને ગુજરાતમાં આવીને સમૃદ્ધ તો થવું છે, પરંતુ ગુજરાતીઓ એને જરાય ગમતા નથી!

એને એ ગુજરાતીઓને સ્વીકારવા નથી.
એને એ ગુજરાત છોડવું નથી... પરંતુ
એને એ ગુજરાતમાં બિહાર ઊભું કરવું છે.
લડી-ઝઘડીને પણ એને એની ઓળખાણ કે આઇડેન્ટિટી સાચવવી છે.
ખુલ્લા થવું અઘરું લાગે છે, જોખમી લાગે છે.
બંધિયાર બની રહેવું સરળ અને સલામત લાગે છે.
ખુલ્લી વ્યક્તિઓની સંખ્યા ઘટી રહી છે.
બંધિયાર સંઘો અને સમાજોની સંખ્યા ઝડપથી વધી રહી છે.

નિરાંતે સમજવું પડે એવું છે. પસંદગી મારી છે.

❑